# -:: પ્રેસ નોટ ::-

## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા "ગીર સાવજ" મગફળી અને સોયાબીનના બિયારણનું વેચાણ

## તા.૨૩/૦૫/૨૦૨૪થી વહેલા તે પહેલાના ધોરણે શરૂ થનાર છે.

---

આથી ખેડૂતમિત્રોને જણાવવાનું કે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ખરીફ-૨૦૨૪ ઋતુમાં વાવેતર માટે મગફળી GJG-32 સર્ટિફાઈડ તથા સોયાબીન GJS-3 ટ્રુથફૂલ બિયારણનું વેચાણ ચાલુ દિવસો દરમ્યાન સવારના ૮:30 થી ૧૨:00 તથા બપોરના 3:00 થી ૫:30 સુધી સીડ હબ ગોડાઉન, ગેટ નંબર-3 ની પાસે, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતેથી તા.૨૩/૦૫/૨૦૨૪થી વહેલા તે પહેલાંના ધોરણે શરૂ થનાર છે. મગફળી અને સોયાબીનની જાતનું બિયારણ જે જાતનો જથ્થો ઉપલબ્ધ હશે ત્યાં સુધી અરજી દીઠ વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં મગફળીમાં ૧૦ બેગ (300 કિ.ગ્રા. ડોડવા) અને સોયાબીન (જરૂરિયાત મુજબ) મળવાપાત્ર થશે. મગફળીના સર્ટીફાઈડ બિયારણમાં સબસીડી સહાય મેળવવા માટે બિયારણ ખરીદ કરવા આવો ત્યારે સાથે પુરાવા જેવા કે આધારકાર્ડની નકલ, જમીનનો ૮-(અ) નો તાજો અસલ દાખલો (છ મહિનાથી જૂનો દાખલો ચાલશે નહીં), બેંકની પાસબુકના પ્રથમ પાનાની નકલ (અરજદારનો ખાતા નં. અને બેંકનો IFSC નંબર વંચાય તેવો હોવો જોઈએ) સાથે રજુ કરવાના રહેશે. ઉપરોકત બધા પુરાવામાં ખેડૂત ખાતેદારની અટક અને નામ એક સરખા હોવા જરૂરી છે. વધુ માહિતી માટે બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢનો ફોન નં.૦૨૮૫-૨૬૭૫૦૭૦ તથા ૦૨૮૫-૨૬૭૨૦૮૦-૯૦ પીબીએક્ષ ૪૫૦ થી સંપર્ક કરવો.

| પાક અને જાતનું નામ | બિયારણની કક્ષા | સબસીડી સહાય વિનાનો ભાવ | સબસીડી સહાય બાદનો ભાવ |
|---|---|---|---|
| મગફળી (GJG-32) | સર્ટીફાઈડ | રૂ.૩૩૫૦/- પ્રતિ બેગ (૩૦ કિલો) | રૂ.૨૧૫૦/- પ્રતિ બેગ (૩૦ કિલો) |
| સોયાબીન (GJS-3) | ટ્રુથફૂલ | રૂ.૧૬૫૦/- પ્રતિ બેગ (૨૫ કિલો) | — |

તારીખ:- ૨૨/૦૫/૨૦૨૪

સ્થળ:- જૂનાગઢ

પ્રાધ્યાપક અને વડા
બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી
જૂનાગઢ-૩૬૨૦૦૧